નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ
ગુજરાત રાજય,
૧૪, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર–૩૮૨ ૦૧૦
ટે. નં. ૩૨૩૧૬૬૯ ફેકસ. નં. ૩૨૩૧૬૬૯

નં.નરયો નં.૩૧ (ગવીયર–મગદલ્લા) /કલમ–૪૧ (૧)–પરામર્શ/દગુ/ ૪૪૩ તા. ૨૭/૧/૦૪

પ્રતિ,
મુખ્ય કારોબારી અધિકારીશ્રી,
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

વિષય :– નગર રચના યોજના, સુરત નં. ૩૧ (ગવીયર–મગદલ્લા) ના હદ વિસ્તાર માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૧ (૧) હેઠળનો પરામર્શ આપવા બાબત.

સંદર્ભ :– આપના તા.૧૧/૧૨/૨૦૦૩ ના પત્રક્રમાંકઃ સુડા/ટીપીએસનં. ૩૧ (ગવીયર–મગદલ્લા) /૯૧૯૨

ઉપરોકત વિષયાન્વયે સંદર્ભ હેઠળના પત્રથી પાઠવાયેલ સૂચિત નગર રચના યોજના, સુરત નં.૩૧ (ગવીયર–મગદલ્લા) ના હદ વિસ્તાર માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૧ (૧) હેઠળ અત્રેના પરામર્શ અર્થે રજુ કરાયેલ દરખાસ્તમાં નીચેની વિગતોએ પૂર્તતા થઈ આવવા વિનંતી છે.

(૧) સૂચિત યોજના બનાવવાં માટે સમુચિત સત્તામંડળના ઠરાવની નકલ પાઠવેલ નથી તેમજ યોજના બનાવવા માટેના કારણ આપેલ નથી.

(૨) વિભાગીય નકશામાં સૂચિત યોજના વિસ્તારનું ક્ષેત્રફળ તથા આજુબાજુની લાગુ નગર રચના યોજના / ગામના નામની વિગતો દર્શાવેલ નથી.

(૩) સૂચવેલ યોજના વિસ્તારની હદમાં મુસદારુપ પુનરાવર્તિત વિકાસ યોજના મુજબનાં જાહેર હેતુ માટેના અનામતોમાં સરકારશ્રીએ તા.૧૭/૫/૨૦૦૧ ના જાહેરનામા મુજબ સુધારો સુચવેલ છે, જે હજુ સુધી આખરી થયેલ નથી. વિકાસ યોજનામાં સુધારો આખરી થયા પછી યોજનાના હદ વિસ્તાર માટે પુનઃવિચારણા કરવાની થાય.

ઉપરોકત વિગતોએ પૂર્તતા થયા બાદ પ્રસ્તુત યોજનાના હદ વિસ્તાર માટે પરામર્શ આપવા વિચારી શકાય.

મુખ્ય નગર નિયોજક,
ગુજરાત રાજય,ગાંધીનગર.